આગામી ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર તરીકે બાબુભાઇ બોખિરિયાનું નામ ફેસબુક ઉપર મુકાતા ભારે વિવાદ

પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ વિક્રમભાઇએ નામ જાહેર કર્યું: વિવાદ થતા પોસ્ટ હટાવી લીધી

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર તા.પ : બોખિરિયાને આગામી ચૂંટણીની ટીકીટ ધારાસભ્ય અને કેબીનેટ મંત્રી બાબુભાઇ અંગે કેટલાય સમયથી રાજકીય જુથમાં ચર્ચા થઇ રહેલ છે. તાજેતરમાં પોરબંદર જિલ્લા ભાજપના પ્રમુખ વિક્રમભાઇ ઓડેદરાએ ફેસબુક ઉપર આગામી ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર તરીકે બાબુભાઇ બોખિરિયાનું નામ જાહેર કરતા વિવાદ શરૂ થયો છે.

આ બેઠક ઉપર બાબુભાઇનું નામ નિશ્ચિત છે પરંતુ ફેસબુક ઉપર આ પોસ્ટ બાદ અનેક ચર્ચા ઉઠી છે. સામાન્ય રીતે પક્ષની પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારની જાહેરાત થતી હોય છે.

તેને બદલે જિલ્લા ભાજપ પ્રમુખ આ બેઠકના ઉમેદવારનું નામ અગાઉથી કઇ રીતે જાહેર કરી શકે? એવી પણ ચર્ચા થઇ રહી છે કે આવી જાહેરાત ચોક્કસ વર્તુળોના ઇશારે થઇ છે અને ભાજપના ઉમેદવારના નામને લઇ વિવાદ થતા પોસ્ટ હટાવી લેવામાં આવી હતી.તેવી જોરશોરથી ચર્ચા છે.(૩-૧૧)

શ્યામા પ્રસાદ મુખર્જીની કાલે જન્મજયંતિ : કોર્પોરેશન દ્વારા કુલહાર થશે

રાજકોટ, તા. ૦૫ : કોર્પોરેશન દ્વારા શ્યામા પ્રસાદ મુખર્જીની તા. ૬ જુલાઈ ગુરૂવારના ૧૧૬ મી જન્મજયંતિ પ્રસંગે સવારે ૯-૩૦ કલાકે આર્ટ ગેલેરી, રેસકોર્ષ ખાતે તેઓ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ પશ્ચિમ બંગાળના કલકતામાં થયો હતો. પિતાનું નામ સર આશુતોષમુખર્જી, માતાનું નામ જોગમાયાદેવી મુખર્જી હતું. એંગ્રેજી અને કાયદાનો અભ્યાસ કર્યો ૧૯૨૪માં કલકતા હાઈકોર્ટે ખાતે એડવોકેટ તરીકે જોડાયા. ત્યારબાદ ૧૯૨૬માં ઈંગ્લેન્ડ ખાતે જઈ બેરીસ્ટરની પદવી ધારણ કરી વર્ષ ૧૯૩૪માં ૩૩ વર્ષની ઉંમરે કલકતા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા હિંદુ રાષ્ટ્રવાદ અને હિંદુત્વ ચળવળના ખુબજ અગ્રણી નેતા હતા. (૯.૬)

શ્રી કૃષ્ણ ચિકિત્સાલયમાં સ્ત્રીરોગ નિષ્ણાંતની સેવા

રાજકોટ તા.૫ : શ્રી કૃષ્ણ ચિકિત્સાલય (કનકરોડ, એસ.ટી. પાછળ) ખાતે સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.હિના એસ. પોપટ દર સોમ-બુધ સવારે ૧૦ થી ૧૧ તથા સાંજે ૪ થી ૫ તથા ડો.વર્ષાબેન ધ્રુવ મંગળ-શની સાંજે ૪ થી ૫ વંધ્યત્વ, પ્રદર, પ્રેગનન્સી માટે રાહત દરે સેવા આપશે.(૨૩.૮)

લોકગાયક હંસરાજ નકુમનો જન્મદિવસ

રાજકોટ : પોતાની ગાયકીની આગવી ઓળખ દ્વારા તેમજ માર્મીક વકતવ્ય દ્વારા સમાજમાં બહોળો ચાહક વર્ગ તેમજ મિત્ર મંડળ ધરાવનાર એવા લોકગાયક શ્રી હંસરાજભાઈ નકુમનો આજે જન્મદિવસ છે. તેઓ જીવનના ૪૭ વર્ષ પૂર્ણ કરી ૪૮મા વર્ષમાં પ્રવેશી રહ્યાં છે. (૨૪.૬)

રઘુવીર યુવા સેનાના પ્રમુખ હરેશ લાખાણીનો જન્મદિવસ

રાજકોટ : રઘુવંશી સમાજની જાણીતી સેવા સંસ્થા, રઘુવીર યુવા સેનાના પ્રમુખ હરેશભાઈ લાખાણીનો આજે જન્મદિવસ છે. જલારામ માર્કેટીંગ નામની વ્યવસાયિક પેઢીના સંચાલક હરેશભાઈ લેન્ડ ડેવલોપર્સ તથા પ્રોપર્ટી મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ મુળ પોરબંદર, કુતીયાણાના અને વિ.હી.પ., રાજ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોડીયારધામ આશ્રમ, મારૂતિ ગૌશાળા જેવી સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. (મો. ૯૮૯૮૦ ૨૩૩૧૩).(૩૭.૬)

જામનગરના પૂર્વ કમિશ્નર, સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર
મહિલા અને બાળ કલ્યાણ કમિશ્નર અનુપમ આનંદનો જન્મદિન

રાજકોટ :. ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ કમિશ્નર શ્રી અનુપમ આનંદનો જન્મ તા. ૫ જુલાઈ ૧૯૭૬ના થયેલ. આજે ૪૨માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

મુળ પટણા (બિહાર)ના વતની અને ૨૦૦૦ની બેચના આઈ.એ.એસ. કેડરના અધિકારી શ્રી અનુપમ આનંદ અગાઉ ગાધરકાંઠામાં જિલ્લા વિકાસ અધિકારી, અધિક ઉદ્યોગ કમિશ્નર, ઉત્તર ગુજરાત વીજ કંપનીના એમ.ડી., જામનગર મ્યુનિસિપલ કમિશ્નર, સુરેન્દ્રનગર અને ડાંગમાં જિલ્લા કલેકટર વગેરે સ્થાનો પર ફરજ બજાવી ચુકયા છે.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૭૯૮,
મો. ૯૬૭૪૪ ૦૩૭૬૧ - ગાંધીનગર

રાજકોટના પૂર્વ ડી.ડી.ઓ., ભાવનગરના પૂર્વ કમિશ્નર
સનદી અધિકારી જયપ્રકાશ શિવહરેને હેપ્પી બર્થ ડે

રાજકોટ :. ગુજરાતના ૨૦૦૨ની બેચના આઈ.એ.એસ. ઃરના અધિકારી શ્રી જયપ્રકાશ શિવહરેનો જન્મ તા. ૫ જુલાઈ ૧૯૭૪ના દિવસે થયેલ. આજે ૪૪માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

મુળ ઉત્તર પ્રદેશના વતની શ્રી જયપ્રકાશ શિવહરે અગાઉ ાજકોટ જિલ્લા વિકાસ અધિકારી, સાબરકાંઠા, સુરત અને ાપીમાં જિલ્લા કલેકટર તરીકે ફરજ બજાવી ચુકયા છે. માવનગર મ્યુ. કમિશ્નર પદેથી બદલી પામી એક વર્ષ માટે નોરેટ્રેલિયા તાલીમમાં જઈ પરત આવ્યા છે. હાલ નવી નિમણુક નાટે પ્રતિક્ષામાં છે.

મો. ૯૯૭૬૦ ૦૫૬૫૬ - ગાંધીનગર

મધ્યાહ્ન ભોજન કમિશ્નર આર.જી. ત્રિવેદીનો જન્મદિન

રાજકોટ :. ગુજરાતના કમિશ્નર ઓફ મીડ ડે મીલ્સ શ્રી આર.જી. ત્રિવેદીનો જન્મ તા. ૫ જુલાઈ ૧૯૫૯ના દિવસે થયેલ. આજે ૫૮માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. તેઓ મહેસાણા પંથકના ખેરાલુના મુળ વતની અને ૨૦૦૫ની બેચના આઈ.એ.એસ. કેડરના અધિકારી છે.

શ્રી આર.જી. ત્રિવેદી અગાઉ જુનાગઢમાં જિલ્લા વિકાસ અધિકારી અને મ્યુનિસિપલ કમિશ્નર, ગૃહખાતામાં સંયુકત સચિવ, ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વગેરે પદ પર રહી ચુકયા છે.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૪૫૦
મો. ૯૬૭૪ ૦૫૫૩૪ - ગાંધીનગર

ઉત્તર ગુજરાત વીજ કંપનીના એમ.ડી.
બી.એ. શાહનો જીવન વન પ્રવેશ

રાજકોટ :. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. મહેસાણાના મેનેજીંગ ડિરેકટર તરીકે કાર્યરત શ્રી બિજલ એ. શાહનો જન્મ તા. ૫ જુલાઈ ૧૯૬૭ના દિવસે થયેલ. આજે યશસ્વી જીવનના એકાવનમાં વર્ષમાં પ્રવેશ્યા છે. તેઓ મુળ અમદાવાદના વતની અને ૨૦૦૯ની બેચના આઈ.એ.એસ. કેડરના અધિકારી છે.

ભૂતકાળમાં તેઓ કાયદા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા પી.એસ. સહિત વિવિધ સ્થાનો પર ફરજ બજાવી ચુકયા છે.

ફોન નં. ૦૨૭૬૨-૨૨૩૫૪૪
મો. ૯૯૭૪૪ ૦૫૬૦૯ - મહેસાણા

અધિક કલેકટર આર.એન.
પંડયાનો સ્વર્ણિમ જયંતિ વર્ષમા પ્રવેશ

રાજકોટ :. ખેડા નજીકના મહીસાગર જિલ્લાના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે ફરજ બજાવતા અધિક કલેકટર કક્ષાના અધિકારી શ્રી આર.એમ. પંડયાનો જન્મ તા. ૫ જુલાઈ ૧૯૬૨ના રોજ થયેલ. આજે ૫૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ અગાઉ મુખ્ય યૂંટણી અધિકારીની કચેરીમાં તેમજ રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી તરીકે રહી ચુકયા છે.

મો. ૯૬૮૦૬ ૦૬૪૯૭ લુણાવાડા (મહીસાગર)

કાગદડીથી આરંભી સેવાયાત્રા, રાજકોટમાં વધી એની માત્રા
હેપ્પી બર્થ ડે: ઘસાઈને ચમકેલા 'હીરો' વસંતભાઈ લીંબાસિયા

રાજકોટ :. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોના પ્રીતિપાત્ર જાણીતા હરિભકત શ્રી વસંતભાઈ લીંબાસીયાનો જન્મ ૧૯૬૧ના વર્ષની ૫ જુલાઈએ થયેલ. આજે ૫૭માં વર્ષના દ્વારે પહોંચ્યા છે.

રાજકોટ તાલુકાના કાગદડી ગામના સરપંચ નરીકે વિકાસ કામોનો ઈતિહાસ સર્જનારા વસંતભાઈ વ્યવસાયે રાધિકા ગ્રુપ અને વુંડાવન રેરી સાથે સંકળાયેલા છે. તેમના ધર્મપત્નિ મંજુલાબેન એક સમયે ટંકારા તાલુકા પંચાયતના પ્રમુખ હતા. તેઓ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, સાંકેત પાર્ક સોસાયટી, લેઉવા પાટીદાર પરિવાર સંગઠન, રાજકોટ ગેટર ચેમ્બર, સ્વામિનારાયણ ગુરૂકુળ, શ્રી કાંતિ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનાર હોસ્પીટલ વગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

મો. ૯૬૨૫૦ ૧૩૨૧૫ - રાજકોટ

જિલ્લા ભાજપ શિક્ષણ સેલના પ્રભારીનો ત્રેપનમાં વર્ષમાં પ્રવેશ
અન્યથી અનોખા શિક્ષણવિદ્ શાંતિલાલ વીરડિયાની વર્ષગાંઠ

રાજકોટ :. ગોંડલ તાલુકાના હડમતાલા ગામે ખેડૂત પરિવાર હરદાસભાઈ વીરડિયા અને શ્રીમતી હેમકુવરબેનને ત્યાં તા. ૫-૭-૧૯૬૪ના શુભદિને સુપુત્ર શાંતિલાલનો જન્મ થયો. પિતાના કઠીન પરિશ્રમ, ઉદ્યમી જીવન અને માતાના ધાર્મિક અને પર દુઃખભંજનના સંસ્કાર વારસામાં મળ્યા. આ સંસ્કારનો વારસો શાંતિલાલે આજ સુધી જાળવ્યો છે. અભ્યાસની સાથે સાથે સેવાવૃતિથી સૌના દિલ જીત્યા. જીવનની સુવાસ ચોતરફ ફેલાતા માંડણકુંડલાના સંસ્કારી અને સેવાભાવી સખીયા પરિવારની સુપુત્રી ચિ. ગીતાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. કર્મયોગી એજ્યુકેશનલ ઝોન નામની શૈક્ષણિક સંસ્થાનો પાયો નાખ્યો. પતિ-પત્નિ બન્ને પૂર્ણ શૈક્ષણિક લાયકાત ધરાવે છે અને આજીવન શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો હોય ટૂંક સમયમાં શૈક્ષણિક સંસ્થા વટવૃક્ષ બની. કર્મયોગી પ્રાથમરી સ્કૂલ, કર્મયોગી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, વંદેમાતરમ્ પ્રાથમિક શાળા, વંદેમાતરમ્ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ ક્રિએશન કોલેજ જેવી શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી તો ગરીબ, આર્થિક રીતે નબળા, સમાજમાં જરૂરીયાતમંદ, મહિલાઓના ઉત્થાન માટે રાજકોટ જીલ્લામાં વિવિધલક્ષી મહિલા કેન્દ્રો સ્થાપી જ્યાં બહેનો નિઃસંકોચપણે આવી પોતાની આપવીતી જણાવી પોતાનું દુઃખ હળવુ કરે છે. પૂ. પ્રમુખ સ્વામી મહારાજના સંપર્કમાં આવતા તેમણે કંઈ બાંધી પોતાના સેવક તથા સત્સંગી તરીકે સ્વીકાર્યો. તેમને ત્યાં ગુજિયલ અને સંસ્કારી દિકરી પગીશાનો જન્મ થયો જે આજે મવડી પ્લોટ વિસ્તારમાં પોતાના ડોકટર પતિ મિતુલભાઈ સોજીત્રા સાથે આધુનિક ડેન્ટલ હોસ્પીટલ સંભાળે છે. થોડાક વર્ષો બાદ સંસ્કાર વારસાને સાચવવા માટે ઈશ્વર કૃપાથી પુત્ર રત્ન વશેશનો જન્મ થયો જે આજે જયપુર ખાતે ડોકટરની પદવી માટે અભ્યાસ કરી રહ્યો છે.

ડો. શાંતિલાલ વીરડિયા રાજકોટ જિલ્લા ભાજપ શિક્ષણ સેલના જિલ્લાના પ્રભારી છે અને રાજકોટ શહેર સ્થનિર્ભર શાળા સંચાલક મંડળમાં પણ ઉચ્ચ સ્થાન ધરાવે છે. આજે સવારથી જ તેમના મો. નં. ૯૮૭૯૫ ૨૦૪૨૫ ઉપર શુભેચ્છા વરસી રહી છે.(૨-૪)

રવિવારે ગુરૂપૂર્ણિમા : ન્યારા ખાતે ધ્યાન મંદિરમાં ધર્મોત્સવઃ ગુરૂદેવની પાદુકાનું પૂજન-અર્ચનઃ મહાપ્રસાદ

રાજકોટ,તા.૫ : પૂ.શ્રી રણછોડદાસજી મહારાજશ્રીના ન્યારા ખાતેના ધ્યાન મંદિરમાં તા.૯ રવિવારના શુભ દિને ગુરૂપુર્ણિમાના રળીયામણા અવસરે ૬૨ વર્ષની જેમ ધર્મોત્સવનું આયોજન થયુ છે. તૈયારી પૂરજોશમાં થઈ રહી છે.

આયોજકો શ્રી રમેશભાઈ કારીઆ, રાજુભાઈ માનસાતા અને અન્ય ટ્રસ્ટીઓએ અહોભાવ સાથે તૈયારીઓ શરૂ કરી દીધી છે. વહેલી સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતી સાથે શુકન અને ઉજાસભીના મારા ધ્યાને આવી છે. અવિશ્વાસ દરખાસ્ત જેવુ પગલુ ભરતા રોકવા હું અને પંચાયત પ્રમુખ નિલેશ વિરાણી પ્રયાસ કરી રહ્યા છીએ. સભ્યોની નારાજગીનું કારણ જાણી નિવારણ માટે પ્રયાસો ચાલી રહ્યા છે. સમગ્ર મામલા અંગે પ્રદેશ કોંગ્રેસને જાણ કરશું. ત્યાંના માર્ગદર્શન મુજબ આગળ વધશું.(૨-૧૦)

આગમનને વધામણા તે પછી સવારે ૮:૩૦ થી ૯:૩૦ કલાકે ગુરૂદેવનું પૂજન - અર્ચન અને મંગલોત્સવની જયજયકારભરી ઉદઘોષણા તથા મહામંડલેશ્વર પૂ. શ્રી હરીવરણદાસજી મહારાજના સ્વાસ્થ્ય - મંગલની દિવ્યાતિદિવ્ય પ્રાર્થના સવારે ૧૧ કલાકે ઉત્સવ મહાઆરતી અને આખો દિવસ ચરણપાદુકા દર્શનનો લ્હાવો મળશે. સવારે ૧૧:૩૦ થી ૩ કલાકે સદગુરૂ મહાપ્રસાદ (જયા પાર્વતી તથા મોળાકત વ્રતવાળા બહેનો માટે ફરાળની અલગ વ્યવસ્થાનું આયોજન છે.)

આ મંગલોત્સવને અનુલક્ષીને રજાદારી પણ પૂણ્યભાવે પ્રદાન થશે. ભજનપૂનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગુરૂભકતો, જાહેર જનતાને આ મંગલોત્સવના બધાજ કાર્યક્રમોનો લ્હાવો લેવા સંસ્થાના સમગ્ર ટ્રસ્ટી વૃન્દે વિનંતી કરી છે.(૩૭.૬)

સભ્યો નારાજ છે, સમજાવવા માટે પ્રયાસઃ દિનેશ ચોવટિયા

રાજકોટ, તા. ૫ : જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડો. દિનેશ ચોવટિયાએ પંચાયતમાં ઘણા કોંગી સભ્યો નારાજ હોવાનો એકરાર કરી તેમને સમજાવવા પ્રયાસ થઈ રહ્યાનું જણાવ્યુ હતું.

જિલ્લા પંચાયતના વિવાદ અને અવિશ્વાસ દરખાસ્ત અંગે ડો. ચોવટિયાને પૂછતા તેમણે જણાવેલ કે, કેટલાક સભ્યો નારાજ હોવાની વાત

વીજ ગ્રાહકોની ફરીયાદ નિવારવા ૬૦૦થી વધુ લોકદરબાર

રાજયના પ્રગતિશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ અને ઉર્જા મંત્રી શ્રી ચીમનભાઇ સાપરીયાના પ્રેરક માર્ગદર્શન નીચે રાજય સરકારના ઉર્જા વિભાગ દ્વારા રાજયના વીજ ગ્રાહકોના વીજ પ્રશ્નોના ઉકેલ માટે અનેકવિધ પગલાં લેવામાં આવ્યાં છે. રાજયના ઉર્જા મંત્રીશ્રીએ રાજયની ચારેય વીજ વિતરણ કંપનીઓના વીજ પ્રશ્નો માટે સંસદસભ્યશ્રીઓ/ ધારાસભ્યશ્રીઓ/ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં વીજ વિતરણ કંપનીઓની હેડ ઓફિસ ખાતે જાન્યુઆરી માસમાં પ્રથમ રાઉન્ડની બેઠકનું આયોજન કર્યુ હતું.

લોક પ્રતિનિધિઓ સાથે વીજ પ્રશ્નો માટે કરવામાં આવેલ બેઠકો ઉપરાંત રાજયના વીજ ગ્રાહકો તેમના વીજ પ્રશ્નોના નિરાકરણ માટે રાજયની વીજ વિતરણ કંપનીઓની ૬૦૦થી વધુ પેટા વિભાગીય કચેરીઓ ખાતે રજુઆત કરી શકે તે માટે લોક દરબારોનું આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજયની ચારેય વીજ વિતરણ કંપનીઓ દ્વારા જુલાઈ માસ દરમિયાન પેટા વિભાગીય કચેરીઓ ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવશે. લોક દરબારમાં રજુ થયેલાં વીજ પ્રશ્નોનું નિરાકરણ બનતી ત્વરાએ લાવવા કચેરીઓ ખાતે યોજાનાર લોક દરબારોમાં રાજયના વીજ ગ્રાહકો તેમના વીજ પ્રશ્નો રજુ કરે અને વધુને વધુ વીજ ગ્રાહકો લોક દરબારનો લાભ લે તેવા મંત્રીશ્રીએ રાજયના વીજ ગ્રાહકોને અનુરોધ કર્યો છે.(૨૧.૧૩)

માટે વીજ તંત્રને સુચના આપવામાં આવી છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રાજયની ચારેય વીજ વિતરણ કંપનીઓ દ્વારા પેટા વિભાગીય

ઔદિચ્ય ઝાલાવડી બ્રહ્મસમાજ મહિલા મંડળની શનીવારે મીટીંગ

રાજકોટ,તા.૦૩: ઔદિચ્ય ઝાલાવડી બ્રહ્મસમાજ મહિલા મંડળ દ્વારા દર મહિનાના બીજા શનીવારે મીટીંગ યોજાશે.જે અંતર્ગત તા.૮ાં શનીવારનાં સાંજે ૫ થી ૭ કલાકે મુરલીધર શાળા, વર્ધમાન નગર, પેલેસ રોડ ખાતે રાખેલ છે.આ મીટીંગમાં બહેનો માટે વિવિધ હરીફાઈ, માર્ગદર્શન આપવામાં આવશે.આ અંગે વધુ માહિતી માટે ભાવનાબેન જોશી-૯૯૦૬૨૦૦૦૬૭ ઉપર સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયુ છે.(૨૮.૧)

પ્રો. ધર્મેશ પંડયાને ડોકટરેટની પદવી



રાજકોટ :. આત્મીય ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સના ઈલેકટ્રીકલ ઈજનેરી વિભાગમાં ૧૩ વર્ષથી ફરજ બજાવતા પ્રોફેસર ધર્મેશ જગદીશચંદ્ર પંડયાએ રાજકોટની એ.વી.પી.ટી.આઈ. સંસ્થાના આચાર્ય ડો. આશિત એસ. પંડયાના માર્ગદર્શન હેઠળ 'ડી રેગ્યુલેટેડ પાવર સિસ્ટમ' વિષય ઉપર એમ.જે.આર.પી. યુનિવર્સિટી, જયપુરમાંથી પીએચ.ડી.ની પદવી મેળવીને સિદ્ધિ હાંસલ કરી છે.(૨-૧૧)







વોકહાર્ટ હોસ્પીટલમાં ડોકટર્સ ડેની ઉજવણી-અભિવાદન

રાજકોટ: ૧ લી જુલાઈના રાષ્ટ્રીય સ્તરે ઉજવાતા ડોકટર્સ ડેના એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પીટલ ખાતે તમામ ડોકટર્સનો એક ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજવામાં આવેલ. હોસ્પીટલના વરીષ્ઠ ડી.ઓ. સી.કામદાર તેમજ અન્ય ડોકટરોના હસ્તે કેક કટીંગ કરવામાં આવેલ. ફેસ્ટરમ કેર વિભાગના શ્રીમતી બંસરી શાહે સ્વાગત પ્રવચન કર્યુ. ડોકટર્સ ડે અંગેનું પ્રાસંગીક પ્રવચન વિભુતી રાજયગુરૂએ કરેલ હતું. વરિષ્ઠ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ ડો. પ્રફુલ કમાણી તથા વરિષ્ઠ ન્યુરો સર્જન ડો. કાંત જોગાણીએ તેમના પ્રાસંગીક પ્રવચનમાં જણાવેલ હતું કે તબીબો પોતાના સારા માઠા પ્રસંગો છોડીને પણ ઈમરજન્સીમાં આવતા દર્દીઓની સારવાર માટે વિના વિલંબે પહોંચતા હોય છે. તબીબ માટે તેનો દર્દી જ હંમેશા પ્રથમ કર્મ છે. કારણે દર્દીઓ તબીબોને ઈશ્વર સમાન માને છે. આ દિવસે દરેક ડોકટરને પોતાના જીવનમંત્ર તેમજ તેમની ફરજ અંગે પુનઃ જાગૃત કરવા ઉજવવામાં આવે છે. ડોકટર દર્દીની સારવાર કે સર્જરી કરતી વખતે તેમના સંપૂર્ણ જ્ઞાન અને નિપુણતાનો ઉપયોગ કરતા હોય છે. ડો. જયેશ ડોબરીયા અને ડો. ધરમ ચંદ્રાણીએ આજના વિશેષ દિવસનો ઉલ્લેખ કરી જણાવેલ હતું કે આજનો દિવસ એ એક વિશેષ દિવસ છે. જેમાં તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ તમામ તબીબોનું એક વિશેષ યાદગીરી રૂપે સન્માન કરવામાં આવે છે. ભારતરત્ન એવોર્ડથી સન્માનીત થયેલ અને વેસ્ટ બેંગાલ સરકારના બીજા મુખ્યમંત્રી તેમજ તબીબી જગતના પ્રેરણા સ્વરૂપ ડો.બી.સી.રોય કે જેમનું તબીબી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન હતુ અને જેમનો જન્મ બિહારના પટણા ખાતે ૧ લી જુલાઈ ૧૮૮૨ના થયેલ હતો. જોગાનુજોગ તેમનું અવસાન પણ ૧ લી જુલાઈ ૧૯૬૨ના ૮૦ વર્ષની ઉંમરે થયેલ હતું. આમ તબીબી ક્ષેત્રે, રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર ડો.બી.સી.રોયના તા.૧ લી જુલાઈના જન્મ અને અવસાન દિવસની સ્મૃતિરૂપે આપણા દેશમાં દર વર્ષે ૧ લી જુલાઈના દિવસને ડોકટર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. કાર્યક્રમમાં અશોક ગોંધીયા મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેન ઈંદુભાઈ વોરા, એકઝીકયુટીવ સેક્રેટરી બળવંતભાઈ દેસાઈ, માર્કેટીંગ મેનેજર કમલેશ કટારીયા, હેલ્થ ચેકઅપ વિભાગના કીરણબેન પટેલ, નર્સીંગ વિભાગના શ્રીમતી નમ્રતા ખ્રિસ્તી, મીડીયા અને પીઆર કન્સલ્ટન્ટ મનહરભાઈ મજઠીયા વિગેરે ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના અંતે મેનેજર એડમીન ડો.રવિ મગોએ આભાર દર્શન કરેલ. કાર્યક્રમનું આયોજન ડો.અર્પિતા સોમૈયા, ડો. રિધ્ધી પટેલ, એચ.આર. વિભાગના હેડ ગીરાંગ સોમૈયા, જયદીપ ત્રિવેદી, વિભુતી રાજયગુરૂ, રિધ્ધી ગોંડલીયા, અર્જુન સગપરીયા વિગેરેએ કરેલ હતી. (૪.૩)